આંક–૧૮

**:: નમુના – અ ::**

**વંથલીના એડી. ચીફ જયુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.**

**રજુ :– શ્રી એલ. આઇ. ઇંગલે**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૦૧/૦૫/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૧૬૯/૨૦૨૬** |

**:: ગુનાની વિગત ::**

| | | |
|---|---|---|
| ગુનાની કલમ | | બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | | ૧૧૨૦૩૦૬૮૨૫૦૭૧૭/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | | વંથલી. |
| ફરીયાદ પક્ષ | | સરકારી શ્રી /મુળ ફરીયાદી – અમૃતલાલ કાનજીભાઇ ચાવડા |
| રજુઆત | | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ | ૦૧ | સોહીલ ઇબ્રાહીમ ઉર્ફે બસીરભાઇ સમા ઉ.વ.૨૮, ધંધો–મજુરી, |
| | ૦૨ | મોહબત ઇબ્રાહીમભાઇ ઉર્ફે બસીરભાઇ સમા ઉ.વ.૨૨, ધંધો–મજુરી, |
| | ૦૩ | રોશનબેન વા/ઓ. ઇબ્રાહીમ ઉર્ફે બસીરભાઇ સમા ઉ.વ.૫૭, ધંધો–ઘરકામ, |
| | ૦૪ | દિલશાના ઉર્ફે ટમુ ડો/ઓ. ઇબ્રાહીમ ઉર્ફે બસીર સમા ઉ.વ.૨૬, ધંધો–ઘરકામ, રહે. બધા શુપર, ખારાકુવા પાસે, તા.વંથલી. |
| રજુઆત | | વિ. વ. શ્રી એસ. એ. સમા. |

**:: નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦/૧૨/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૩૧/૧૨/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

## **:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સોહીલ ઇબ્રાહીમ ઉર્ફે બસીરભાઇ સમા | ૦૧/૦૧/૨૦૨૬ | ૦૧/૦૧/૨૦૨૬ | ઉપર મુજબ | | -- | ૦૧/૦૧/૨૦૨૬ થી ૦૧/૦૧/૨૦૨૬ |
| ૨ | મોહબત ઇબ્રાહીમભાઇ ઉર્ફે બસીરભાઇ સમા | ૦૧/૦૧/૨૦૨૬ | ૦૧/૦૧/૨૦૨૬ | ઉપર મુજબ | | -- | ૦૧/૦૧/૨૦૨૬ થી ૦૧/૦૧/૨૦૨૬ |
| ૩ | રોશનબેન વા/ઓ. ઇબ્રાહીમ ઉર્ફે બસીરભાઇ સમા | ૦૧/૦૧/૨૦૨૬ | ૦૧/૦૧/૨૦૨૬ | ઉપર મુજબ | | -- | ૦૧/૦૧/૨૦૨૬ થી ૦૧/૦૧/૨૦૨૬ |
| ૪ | દિલશાના ઉર્ફે ટમુ ડો/ઓ. ઇબ્રાહીમ ઉર્ફે બસીર સમા | ૦૧/૦૧/૨૦૨૬ | ૦૧/૦૧/૨૦૨૬ | ઉપર મુજબ | | -- | ૦૧/૦૧/૨૦૨૬ થી ૦૧/૦૧/૨૦૨૬ |

## **:: નમુનો ક ::**

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક-૯) | અમૃતભાઇ કાનજીભાઇ ચાવડા | ફરીયાદી |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | | |

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી
અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૧૦ | ફરીયાદ |
| આરોપીના વિ. વ.શ્રી ની સંમતીથી નીચે મુજબના દ.પુ.ને આંક આપવામાં આવેલ છે. | | |
| ૦૧ | ૧૧ | મુદામાલ કબજે લીધાના પંચનામાની ખરી નકલ. |
| ૦૨ | ૧૨, ૧૩ | મેડીકલ સર્ટી. ની ખરી નકલ. |
| ૦૩ | ૧૪ | હથીયાર બંધી જાહેરનામાની નકલ. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ડ. ભૌતીક પદાર્થ :-

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

**–:: <u>ચુકાદો</u> ::–**

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી તા. ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ ક.બપોરે દોઢેક વાગ્યાના અરસામા શાપુર ગામ મેઈનરોડ ઉપર આવેલ બાપા સીતારામ સોડા ની દુકાને હાજર હતા તે દરમ્યાન આરોપી નં.૧ નાએ ફરીયાદીની દુકાને જઈ સાહેદ નં.૮ના દીકરા વીવેક પાસે પોતે પૈસા માગતા હોય જે બાબતે મનદુખ રાખી આરોપી નં.૧ ના એ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી આ દરમ્યાન ત્યા આરોપીનં. ૨ થી ૪ આવી જઈ આરોપી નં.૧ થી જનાઓએ ફરીયાદીને આડેધડ શરીરે ઢીકા પાટુનો માર મારી તેમજ આરોપી નં.૨ નાઓએ પોતાના હાથમા રહેલ લાકડી વડે ફરીયાદીને ડાબા હાથની આંગળીમા લાકડી મારી લોહી કાઢી ઈજા કરી તેમજ ફરીયાદીને આ બનાવ બાબતે પોલીસ ફરીયાદ કરી તો જાનથી મારી નાખવાની ધમકી આરોપીનં.–૩ નાઓએ ફરીયાદીને બળાત્કારના કેસમા ફસાવી દેવાની ધમકી આપી જીલ્લા મેજી.જુનાગઢના હથીયાર ધારાના જાહેરભંગ કરી ગુન્હો કરી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૫૦૭૧૭/ ૨૦૨૫ ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં બી. એન. એસ. ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી આંક–૦૫ થી આંક–૦૮ સુધી પ્લી નોંધતા, તેઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઇન્કાર કરી ગુન્હો કબુલ નથી તેમ જણાવતાં ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

ચાલુ પુરાવા દરમ્યાન ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય આંક–૧૬ થી બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબના ગુનામા સમાધાન નોંધવાની પુરશીસ રજુ કોલ છે. જે અન્વયે આરોપીઓને બી. એન. એસ. ની કલમ–૩૫૯ અન્વયે બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨) તથા ૩૫૧(૩) મુજબના ગુનામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ અને બાકી રહેલ બી. એન. એસ. ની કલમ–૨૯૬, ૫૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ અન્વયેના ગુનાઓ સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ વધુ કોઇ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને આંક–૧૭ ના કલોઝીંગ પુરસીસના આધારે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓનું બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા પાત્ર ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી અને બાદ દલીલો સાંભળી કામ આખર નિકાલ માટે મુલત્વી રાખવામાં આવેલ.

**(૦૬)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી તા. ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ ક.બપોરે દોઢેક વાગ્યાના અરસામા શાપુર ગામ મેઈનરોડ ઉપર આવેલ બાપા સીતારામ સોડા ની દુકાને હાજર હતા તે દરમ્યાન આરોપી નં.૧ નાએ ફરીયાદીની દુકાને જઈ સાહેદ નં.૮ના દીકરા વીવેક પાસે પોતે પૈસા માગતા હોય જે બાબતે મનદુખ રાખી આરોપી નં.૧ ના એ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી આ દરમ્યાન ત્યા આરોપીનં. ૨ થી ૪ આવી જઈ આરોપી નં.ર નાઓએ પોતાના હાથમા રહેલ લાકડી વડે ફરીયાદીને ડાબા હાથની આંગળીમા લાકડી મારી લોહી કાઢી ઈજા કરી બી. એન. એસ. ની કલમ-૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એ. કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૭)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**-:: <u>કારણો</u> ::-**

**<u>મુદા નંબર ૧ :-</u>**

**(૦૮)** ફરીયાદ પક્ષે આરોપીઓ સામે બી. એન. એસ. ની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એ. કલમ-૧૩૫ મુજબનું તહોમત મુકેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્ટના સિધ્ધાંત મુજબ ફરીયાદ પુરવાર

કરવાનો સદંતર બોજો ફરીયાદ પક્ષનો હોય છે. ફરીયાદ પક્ષનાં કેસમાં પડેલ પુરાવાનું વિશ્લેષણ કરતા પહેલા ફરીયાદ જે આંક–૧૦ થી રજુ છે તે ધ્યાને લઇએ તો ફરીયાદી પોતે ભોગ પામનાર છે. આમ, તેમનો પુરાવો મહત્વનો બને છે. ફરીયાદ પક્ષે ફરીયાદીને આંક–૦૯ થી તપાસેલ છે તેમનો પુરાવો નીચે મુજબ છે.

બનાવ આજથી ત્રણ ચાર મહીના પહેલા બનેલો હતો હું મારી બાપા સીતારામ સોડાની દુકાને હાજર હતો ત્યારે સોહીલભાઈ બસીરભાઈ મારી પાસે આવેલા હતા અને મને વીવેક બાબતે પુછવા લાગેલા હતા આ સોહીલભાઈ એ મને કહેલ કે વીવેકે તેમની પાસે પૈસા લીધેલ છે જે મારે આપવાના છે આવુ કહેતા મેં સોહીલભાઈ ને કહેલ કે મારે કોઈ વીવેકે લીધેલ પૈસા આપવાના થતા નથી તમારે જો કોઈ પૈસા નીકળતા હોય તો વીવેક જોડે થી લઈ લેજો આવું કહેતા સોહીલ ઉશ્કેરાઈ ગયેલ અને મને પૈસાની માંગણી કરતો હોય મારે સોહીલ સાથે સામાન્ય બોલાચાલી થયેલ જેના કારણે બાજુમાથી સોહીલના ભાઈ મહમદ તથા તેના માતા અને બેન અને આજુબાજુના ઘણા લોકો મારી દુકાન પાસે ભેગા થઈ ગયેલા અને ધકકામુકી થવા લાગેલ જે ધકકામુકકીમા મને પડી જતા દુકાન પાસે રહેલ લાકડી ડાબા હાથની આંગળીમાં વાગી ગયેલ અને મને લોહી નીકળવા લાગેલ.આ દરમ્યાન મારા કાકા સસરા મનુભાઈ નાથાભાઈ ત્યાં આવી ગયેલ અને સોહીલ તથા તેના પરીવારના લોકોને ત્યાથી જતા રહેવા જણાવેલ ત્યારબાદ મારો દીકરો વિશાલ મને ટીફીન દેવા આવતા બનાવની જાણ થતા ૧૧૨ મા કોન કરેલ અને ૧૧૨ આવી જતા મને મારો દીકરો વિશાલ મારા આંગળીમાથી લોહી નીકળતુ હોય વંથલી સ.દવાખાને લઈ આવેલ, દવાખાને મારા પત્ની જયોત્સનાબેન તથા મારા સાઢુભાઈ પ્રફુલભાઈ અને પાટલા સાસુ ભાવનાબેન આવી ગયેલ હોય ડૉ.સાહેબે વધુ સારવાર માટે જુનાગઢ રીફર કરેલ હોય મને જુનાગઢ લાવેલ અને ત્યા પોલીસ આવેલ અને મારી પુછપરછ કરી એક ફરીયાદ લખી લઇ મને સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ મને ફરીયાદ બતાવવામાં આવે છે તેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક ૧૦.

આરોપીઓ હાજર છે. ઓળખ અંગે તકરાર નથી.

**(૮.૧)** બચાવ પક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી /ભોગ બનનાર એ વાત કબુલ રાખે છે કે, આરોપીઓએ તેમને લાકડી વડે માર મારેલ નથી કે મારકુટ કરેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય. સાહેદે એ હકીકત પણ કબુલ રાખેલ કે, આરોપીઓએ તેમને કોઈ ભુંડી ગાળો આપેલ નથી કે બળાત્કારના ખોટા કેસમા ફસાવી દેવાની ધમકી આપેલ નથી. સાહેદે એ હકીકત પણ કબુલ રાખેલ કે, દવાખાનામા પોલીસે પોતાની જાતે ફરીયાદ લખી લીધેલ હોય અને તેને સહી કરવાનુ કહેતા તેણે વાંચ્યા વગર સહી કરી આપેલ.

**(૮.૨)** હવે ફરીયાદીના પુરાવાનું વિશ્લેષણ કર્યે તો આરોપી નં.૧ ના એ ફરીયાદીને ભુંડી ગાળો બોલેલ નથી તેમજ આરોપી નં.ર નાઓએ લાકડી વડે ડાબા હાથની આંગળીમા ઈજા કરેલ નથી. આમ, ફરીયાદી / ભોગ બનનારના પુરાવાનું વિશ્લેષણ કર્યે તો સવ પ્રથમ ગાળોના અસલ શબ્દો રેકર્ડ પર આવતા હોય તેવું તેમના આંક–૯ ના પુરાવામાં વિદીત થતું નથી. તેથી. બી. એન. એસ. ની કલમ–ર૯૬(બી) મુજબનો ગુન્હો નામદાર ગુજરાત હાઇકોર્ટના પ્રવિણભાઇ બેચરભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના પ્રસ્થાપિતા કરેલ સ્ધિધાંત મુજબ પુરવાર માની શકાય નહી. વધુ આરોપી નં.–ર નાઓએ લાકડી ધારણ કરેલાની હકીકત પણ રેકર્ડ પર આવતી ન હોય ત્યારે બી. એન. એસ. ની કલમ–ર૯૬(બી), પ૪ તથા જી.પી.એ. કલમ–૧૩પ મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહી.

**(૦૯)** બચાવ પક્ષે મુદામાલ કબજે લીધાનું પંચનામું (આંક–૧૧) થી, મેડીકલ સર્ટી.ઓ. (આંક–૧ર તથા આંક–૧૩) થી તથા હથીયાર બંધી જાહેરનામાની નકલ (આંક–૧૪) થી કબુલ મંજુર રાખેલ છે. આ સમર્થનકારક

પુરાવો છે પણ હાલના કેસમાં જયારે ડાયરેકટ એવીડન્સનો જ પુરાવો આવતો ન હોય ત્યારે આરોપીઓ સામેનો ગુન્હો પુરવાર માની શકાય નહી.

**(૧૦)** ફરીયાદ પક્ષે ત્યારબાદ, બીજા કોઈ સાહેદ તપાસેલ નથી અને આંક–૧૭ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

**(૧૧)** હાલના કેસમાં સામાન્ય બોલાચાલી થયેલાનું અને તે સીવાય બીજું કશું બનેલ નહી હોવાનું રેકર્ડ પર આવતું હોય ત્યારે આરોપી નં.૧ ના એ ફરીયાદીને ભુંડી ગાળો બોલેલાનું કે આરોપી નં.ર નાઓએ લાકડી ધારણ કરેલાનું માની શકાય નહી તેથી આરોપીઓ સામે બી.એન.એસ. ની કલમ–૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહી. તેથી મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.–ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**(૧)** હાલના આરોપી (૧) સોહીલ ઈબ્રાહીમ ઉર્ફે બસીરભાઈ સમા (ર) મોહબત ઈબ્રાહીમભાઈ ઉર્ફે બસીરભાઈ સમા (૩) રોશનબેન વા/ઓ. ઈબ્રાહીમ ઉર્ફે બસીરભાઈ સમા તથા (૪) દિલશાના ઉર્ફે ટમુ ડો/ઓ. ઈબ્રાહીમ ઉર્ફે બસીર સમા રહે. બધા શુપરવાળાને બી. એન. એસ. એસ. ની કલમ–૨૭૮ અન્વયે બી. એન. એસ. ની કલમ–૨૯૪(ખ), ૫૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય વિત્યેથી મુદામાલનો નાશ કરવો.

(૩) હાલના આરોપીઓએ અપીલ સમય સુધીના રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપીયા દશ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તા.૧ લી માહે મે સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૦૧/૦૫/૨૦૨૬.

**(એલ. આઈ. ઈંગલે)**
**એડી. ચીફ જ્યુડી. મેજી., વંથલી.**
**કોડ નં.જીજે૦૧૩૭૨.**